(12)

# NATWARLAL K. PATEL

B.Com., LL.B., Advocate

E.NO. G/425/1977. GAWF NO. AM/GRT/21251 Date - 14/07/2005

**Office:-** 324 to 326, 3rd Floor, "SHUKAN MALL", Nr. Visat Petrol Pump, Sabarmati, Ahmedabad - 380005
**Ph.:** 079-27500560, **Mo.:** 9558026999, Email - nkpatel1953@gmail.com

**Date : 15/09/2022**

## <u>સર્ચ રીપોર્ટ</u>

પ્રતિ,

N. K. PATEL ADVOCATE G/425/1977

"ભુમિ ડેવલોપર્સ"
ઓફીસ:- C/o.ચીનુભાઈ લાલભાઈ
પટેલ, ૩૬૧, તરપોજ વાસ, વાવોલ ગામ,
તા.જી.ગાંધીનગર-૩૮૨૦૧૬.

<u>બાબત:-</u> રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના મોજે વાવોલ ગામની સીમના સીટી સર્વે વોર્ડ-વાવોલ(બીનખેતી) ના શીટ નં.NA99 ના સીટી સર્વે નં.NA287/2/p૨ ના ટી.પી.સ્કીમ નં.૧૩ ના ફા.પ્લોટ નં.૬૭ ના સત્તા પ્રકાર સી-C ની ૨૩૧૯ <u>સ.ચો.મીટર બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીન અંગેનો સર્ચ રીપોર્ટ</u>

આપની સુચનાથી અમોએ મોજે વાવોલ ગામની સીમના સીટી સર્વે વોર્ડ-વાવોલ(બીનખેતી) ના શીટ નં.NA99 ના સીટી સર્વે નં.NA287/2/p૨ ના ટી.પી.સ્કીમ નં.૧૩ ના ફા.પ્લોટ નં.૬૭ ના સત્તા પ્રકાર સી-C ની ૨૩૧૯ સ.ચો.મીટર બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીન અંગેનુ ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ મેળવવા માટે તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ "સંદેશ" દૈનીક પેપરમાં જાહેર નોટીસ આપેલી. જેના આધારે આજદીન સુધી કોઈના વાંધાઓ નક્કી કરેલ મુદતમાં અમોને ન મળતા અમોએ છેલ્લા ૩૦ વર્ષના તલાટીના રેકર્ડ તથા ૩૦ વર્ષ સુધીના ગાંધીનગરના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાંથી તા.૧૦/૦૮/૨૦૨૨ ના રોજ સદર જમીન અંગેની સર્ચ કરાવી તેના કાગળો, દસ્તાવેજો, એન્ટ્રીઓ તથા સર્ચના આધારે અને આપે કરી આપેલ નોટરી રૂબરૂના તા.૧૫/૦૯/૨૦૨૨ ના રોજના ડેકલેરેશનના આધારે સદર સર્વે નંબરની જમીન અંગેનો સર્ચ રીપોર્ટ અમારા માનવા અને જાણવા પ્રમાણે અમો નીચે પ્રમાણે આપીએ છીએ.

(૧)..મજકુર સર્વે નં.૨૮૭ ના હિસ્સા નં.૨ અં એકર,૦૦-૩૫ ગુઠા યાને ૩૫૪૧ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન સને ૧૯૨૦ ની સાલથી અગાઉ એકશ્રી રણછોડજી બેચરજીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામા આવેલી હતી.

(૨)..ત્યારબાદ મજકુર જમીનના માલિક રણછોડજી બેચરજી પાસેથી સદર જમીન એકશ્રી જીવાભાઈ ભઈજીદાસે રૂ.૫૦/- પુરા ચુકવી તા.૨૦/૦૬/૧૯૨૧ ના રોજ વેચાણ દસ્તાવેજ કરાવી

For, BHOOMI DEVELOPERS

PARTNER

G/425/19T



વેચાણ રાખેલી. મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમા જીવાભાઈ ભઈજીદાસનુ નામ એન્ટ્રી નં.૩૧૨ થી દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલી છે.

(૩)..ત્યારબાદ મજકુર જમીનના માલિક જીવાભાઈ ભઈજીદાસનું તા.૩૧/૦૫/૧૯૫૫ ના રોજ અવસાન થવાથી ભાઈઓ ભાગની વહેંચણીના આધારે મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાં આદરભાઈ જીવાભાઈનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૧૩૧૦ થી તા.૧૬/૦૮/૧૯૫૫ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલી છે.

(૪)..મજકુર જમીનના કોમ્પ્યુટર રેકર્ડમાં દર્શાવેલ એન્ટ્રી નં.૫૦૧૮ સદર સર્વે નંબરની જમીનને લાગુ પડતી નથી.

(૫)..ત્યારબાદ મજકુર જમીનના માલિક આદરભાઈ જીવાભાઈ પટેલનું તા.૧૦/૧૦/૧૯૭૮ ના રોજ બિનવસિયતે અવસાન થયેલુ.મરહુમ આદરભાઈ જીવાભાઈ પટેલના અવસાન સમયે તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે ઈશ્વરભાઈ આદરભાઈ પટેલ તથા મરઘાભાઈ આદરભાઈ પટેલના સંયુક્ત નામ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા દાખલ કરવા માટે મે.તલાટી સાહેબ રૂબરૂ અરજી, જવાબ આપવાથી તેના આધારે એન્ટ્રી નં.૫૦૮૧ થી તા. ૦૧/૦૨/૧૯૮૯ ના રોજ દાખલ કરી મજકુર એન્ટ્રી તા.૧૮/૦૩/૧૯૮૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે. ત્યારથી મજકુર જમીનમા ઈશ્વરભાઈ આદરભાઈ પટેલ તથા મરઘાભાઈ આદરભાઈ પટેલનો વગર વહેંચાયેલ સરખો ભાગ યાને હક્ક હિસ્સો પોષાતો આવેલો છે.

(૬).. ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક ઈશ્વરભાઈ આદરભાઈ પટેલનુ તા.૨૯/૦૩/૧૯૯૨ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ. મરહુમ ઈશ્વરભાઈ આદરભાઈ પટેલના અવસાન સમયે તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે કેશવલાલ ઈશ્વરભાઈ પટેલ તથા બાબુભાઈ ઈશ્વરભાઈ પટેલ તથા વિનુભાઈ ઈશ્વરભાઈ પટેલ તથા નંદુભાઈ ઈશ્વરભાઈ પટેલ તથા ગંગાબેન ઈશ્વરભાઈ પટેલ તથા કમળાબેન ઈશ્વરભાઈ પટેલ તથા સાકરબેન ઈશ્વરભાઈ પટેલ તથા કોકિલાબેન ઈશ્વરભાઈ પટેલ તથા અવલબા તે ઈશ્વરભાઈ આદરભાઈ પટેલની વિધવા સિવાય વારસદારોમાં બીજા કોઈ જ પુત્રો, પત્ની કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ કેશવલાલ ઈશ્વરભાઈ પટેલ વિગેરેના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા દાખલ કરવા માટે મે. તલાટી સાહેબ રૂબરૂ અરજી,મરણનો દાખલો,પેઢીનામુ રજુ કરવાથી રેકર્ડમા એન્ટ્રી નં.૫૩૩૨ થી તા.૦૪/૦૪/૧૯૯૨ ના રોજ દાખલ કરી મજકુર એન્ટ્રી તા. ૦૯/૦૬/૧૯૯૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૭)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીકો ગંગાબેન ઈશ્વરભાઈ પટેલ તથા કમળાબેન ઈશ્વરભાઈ પટેલ તથા સાકરબેન ઈશ્વરભાઈ પટેલ તથા કોકિલાબેન ઈશ્વરભાઈ પટેલે સદર જમીન તથા અન્ય જમીનમાથી તેણીના વગર વહેચાયેલ હકક હિસ્સા રાજીખુશીથી તેમના ભાઈઓ કેશવલાલ ઈશ્વરભાઈ પટેલ વિગેરેની તરફેણમાં જતા કરવા માટે મે. તલાટી સાહેબ રૂબરૂ અરજી તથા જવાબ આપવાથી મજકુર ગંગાબેન ઈશ્વરભાઈ પટેલ તથા કમળાબેન ઈશ્વરભાઈ પટેલ તથા સાકરબેન ઈશ્વરભાઈ પટેલ તથા કોકિલાબેન ઈશ્વરભાઈ પટેલના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના

For, BHOOMI DEVELOPERS

PARTNER

કોલમમાથી એન્ટ્રી નં. ૫૭૧૦ થી તા.૨૬/૦૯/૧૯૯૬ના રોજ કમી કરી સદર એન્ટ્રી તા. ૧૫/૦૨/૧૯૯૭ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૮).. ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક મરઘાભાઈ આદરભાઈ પટેલનુ તા.૨૯/૦૩/૧૯૯૮ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ. મરહુમ મરઘાભાઈ આદરભાઈ પટેલના અવસાન સમયે તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે જશુભાઈ મરઘાભાઈ પટેલ તથા વિનુભાઈ મરઘાભાઈ પટેલ તથા મુકેશભાઈ મરઘાભાઈ પટેલ તથા શિલ્પાબેન મરઘાભાઈ પટેલ તથા સંગીતાબેન મરઘાભાઈ પટેલ તથા કંકુબેન તે મરઘાભાઈ આદરભાઈ પટેલની વિધવા સિવાય વારસદારોમાં બીજા કોઈ જ પુત્રો, પત્ની કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ જશુભાઈ મરઘાભાઈ પટેલ વિગેરેના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા દાખલ કરવા માટે મે. તલાટી સાહેબ રૂબરૂ અરજી, મરણનો દાખલો, પેઢીનામુ રજુ કરવાથી રેકર્ડમા એન્ટ્રી નં.૫૮૩૫ થી તા.૨૭/૦૪/૧૯૯૮ ના રોજ દાખલ કરી મજકુર એન્ટ્રી તા. ૨૯/૦૮/૧૯૯૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૯)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીકો શિલ્પાબેન મરઘાભાઈ પટેલ તથા સંગીતાબેન મરઘાભાઈ પટેલે સદર જમીન તથા અન્ય જમીનમાથી તેણીના વગર વહેચાયેલ હકક હિસ્સા રાજીખુશીથી તેમના ભાઈઓ જશુભાઈ મરઘાભાઈ પટેલ વિગેરેની તરફેણમાં જતા કરવા માટે મે. તલાટી સાહેબ રૂબરૂ અરજી તથા જવાબ આપવાથી મજકુર શિલ્પાબેન મરઘાભાઈ પટેલ તથા સંગીતાબેન મરઘાભાઈ પટેલના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાથી એન્ટ્રી નં. ૫૮૬૮ થી તા.૨૯/૦૭/૧૯૯૮ ના રોજ કમી કરી સદર એન્ટ્રી તા.૨૯/૦૮/૧૯૯૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૦).. ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલિક અવલબેન તે ઈશ્વરભાઈ આદરભાઈ પટેલની વિધવાનુ તા.૧૭/૧૨/૧૯૯૨ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ.જેથી તેમના વારસદારો તરીકે કેશવલાલ ઈશ્વરભાઈ પટેલ વિગેરેએ મરહુમ અવલબેન તે ઈશ્વરભાઈ આદરભાઈ પટેલની વિધવાનુ સ્વતંત્ર નામ રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમાંથી કમી કરવા માટે મે.તલાટી સાહેબની કચેરી રૂબરૂ અરજી, મરણનો દાખલો, જવાબ રજુ કરવાથી મરહુમ અવલબેન તે ઈશ્વરભાઈ આદરભાઈ પટેલની વિધવા ઓરતનુ સ્વતંત્ર નામ રેકર્ડમાથી એન્ટ્રી નં.૫૯૮૭ થી તા.૧૧/૦૪/૨૦૦૦ ના રોજ કમી કરી સદર એન્ટ્રી તા.૦૪/૦૮/૨૦૦૦ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૧)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીકો ગંગાબેન ઈશ્વરભાઈ પટેલ તથા કમળાબેન ઈશ્વરભાઈ પટેલ તથા સાકરબેન ઈશ્વરભાઈ પટેલ તથા કોકિલાબેન ઈશ્વરભાઈ પટેલે સદર જમીન તથા અન્ય જમીનમાથી તેણીના વગર વહેચાયેલ હકક હિસ્સા રાજીખુશીથી તેમના ભાઈઓ કેશવલાલ ઈશ્વરભાઈ પટેલ વિગેરેની તરફેણમાં જતા કરવા માટે મે. તલાટી સાહેબ રૂબરૂ અરજી તથા જવાબ આપવાથી મજકુર ગંગાબેન ઈશ્વરભાઈ પટેલ તથા કમળાબેન ઈશ્વરભાઈ પટેલ તથા સાકરબેન ઈશ્વરભાઈ પટેલ તથા કોકિલાબેન ઈશ્વરભાઈ પટેલના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાથી એન્ટ્રી નં. ૫૯૮૮થી તા.૧૯/૦૪/૨૦૦૦ ના રોજ કમી કરી સદર એન્ટ્રી તા. ૦૪/૦૮/૨૦૦૦ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

For, BHOOMI DEVELOPERS

PARTNER

Scanned with CamScanner

GI425/19T1

(૧૨)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલિક વિનુભાઈ ઈશ્વરભાઈ પટેલે મજકુર સર્વે નં.૨૮૭/૨ અ ની જમીનમાથી તેમના વગર વહેચાયેલ હકક હિસ્સા રાજીખુશીથી તેમના ભાઈઓ કેશવલાલ ઈશ્વરભાઈ પટેલ તથા બાબુભાઈ ઈશ્વરભાઈ પટેલ તથા નંદુભાઈ ઈશ્વરભાઈ પટેલની તરફેણમાં જતા કરવા માટે મે. મામલતદાર સાહેબ, ઈ-ધરા કેન્દ્રની કચેરી રૂબરૂ અરજી, સોગંદનામુ, સંમતિ,જવાબ તથા હક્ક જતા કર્યા અંગેનું લખાણ આપવાથી મજકુર વિનુભાઈ ઈશ્વરભાઈ પટેલનું સ્વતંત્ર રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાથી એન્ટ્રી નં.૬૩૭૭ થી તા.૦૨/૦૫/૨૦૦૫ ના રોજ કમી કરી સદર એન્ટ્રી તા.૧૧/૧૦/૨૦૦૫ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૩)..ત્યારબાદ મજકુર સર્વે નં.૨૮૭/૨-અ તથા અન્ય સર્વે નં.૨૮૭/૧ તથા સર્વે નં.૨૮૭/૨-બ ની જમીનોમાં મે. ડી.આઈ.એલ.આર. સાહેબશ્રી, ગાંધીનગર દ્વારા હિસ્સા માપણી કરતાં ક્ષેત્રફળ ફેરફાર કરવામાં આવેલ છે.જેના આધારે નકશાનુ ટ્રેસીંગ તથા ડી.આઈ.એલ.આર.શ્રીના હિસ્સા માપણીના નમુના નં.૧૧-અ ની નકલના આધારે મજકુર જમીનના રેકર્ડમાં કે.જે.પી.દુરસ્તીની નોંધ નં.૬૩૯૬ થી તા.૧૦/૦૬/૨૦૦૫ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૧૧/૧૦/૨૦૦૫ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલી છે.જેની રૂઈએ સર્વે નં.૨૮૭/૧ ની ૩૫૬૭ સ.ચો.મીટર જમીન મફતભાઈ ગોવિંદભાઈ પટેલ વિગેરેના તથા સર્વે નં.૨૮૭/૨ ની ૩૫૬૮ સ.ચો.મીટર જમીન જશુભાઈ મરઘાભાઈ પટેલ વિગેરેના તથા સર્વે નં.૨૮૭/૩ ની ૨૪૨૮ સ.ચો.મીટર જમીન રમણભાઈ શંકરભાઈ પટેલ વિગેરેના નામ કબજેદાર તરીકે દાખલ કરવામાં આવેલા.

(૧૪)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલિક બાબુભાઈ ઈશ્વરભાઈ પટેલનુ તા.૧૦/૦૯/૨૦૦૭ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ.જેથી મરહુમ બાબુભાઈ ઈશ્વરભાઈ પટેલના અવસાન સમયે તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે શાંતાબેન બાબુભાઈ પટેલ તથા પ્રકાશ બાબુભાઈ પટેલ તથા પાયલ બાબુભાઈ પટેલ સિવાય વારસદારોમાં બીજા કોઈ જ પુત્રો, પત્ની કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ શાંતાબેન બાબુભાઈ પટેલ વિગેરેના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા દાખલ કરવા માટે મે. મામલતદારશ્રી, ઈ-ધરા કેન્દ્રની કચેરી રૂબરૂ અરજી,મરણનો દાખલો,પેઢીનામુ, સોગંદનામુ રજુ કરવાથી રેકર્ડમા એન્ટ્રી નં.૬૭૦૧ થી તા.૦૩/૧૧/૨૦૦૭ ના રોજ દાખલ કરી મજકુર એન્ટ્રી તા. ૨૯/૧૨/૨૦૦૭ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૫).. ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલિકો કંકુબેન તે મરઘાભાઈ આદરભાઈ પટેલની વિધવા ઓરતનુ તા.૨૨/૦૮/૨૦૦૭ ના રોજ બિનવસિયતે તથા મુકેશભાઈ મરઘાભાઈ પટેલનુ તા.૦૭/૦૯/૨૦૦૭ ના રોજ નિઃસંતાન અને બીનવસીયતે અવસાન થયેલુ.જેથી તેમના વારસદારો તરીકે જશુભાઈ મરઘાભાઈ પટેલે મરહુમ કંકુબેન તે મરઘાભાઈ આદરભાઈ પટેલની વિધવા ઓરત તથા મુકેશભાઈ મરઘાભાઈ પટેલના સંયુક્ત નામ રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમાંથી કમી કરવા માટે મે.મામલતદાર સાહેબ, ઈ-ધરા કેન્દ્રની કચેરી રૂબરૂ અરજી,મરણનો દાખલો, પેઢીનામા, સોગંદનામું રજુ કરવાથી મરહુમ કંકુબેન તે મરઘાભાઈ આદરભાઈ પટેલની વિધવા ઓરત તથા મુકેશભાઈ મરઘાભાઈ પટેલના સંયુક્ત નામ રેકર્ડમાથી એન્ટ્રી નં.૬૭૦૩ થી તા.૦૩/૧૧/૨૦૦૭ ના રોજ કમી

For, BHOOMI DEVELOPERS

PARTNER

Scanned with CamScanner

કરી સદર એન્ટ્રી તા.૨૫/૦૨/૨૦૦૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૬)..ત્યારબાદ મજકુર જમીનના માલિકો પૈકી સહ માલિક કેશવલાલ ઈશ્વરભાઈ પટેલે તેમની હયાતીમા તેમના વારસદાર તરીકે શ્રી સંજયકુમાર કેશવલાલ પટેલનુ નામ દાખલ કરવા માટે મે. મામલતદાર સાહેબ, ઈ-ધરા કેન્દ્રની કચેરી રૂબરૂ અરજી, સોગંદનામુ રજુ કરવાથી શ્રી કેશવલાલ ઈશ્વરભાઈ પટેલના નામ સાથે સંજયકુમાર કેશવલાલ પટેલનું નામ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાં એન્ટ્રી નં.૬૭૬૮ થી તા.૧૭/૦૪/૨૦૦૮ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૧/૦૭/૨૦૦૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલી છે.

(૧૭)..ત્યારબાદ મજકુર સર્વે નં.૨૮૭/૨ ની ૩૪૬૮ સ.ચો.મીટર જમીન પૈકી વગર વહેંચાયેલ ૫૭૮ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલિક નંદુભાઈ ઈશ્વરભાઈ પટેલ પોતે જાતે તથા પોતાના એચ.યુ.એફ.ના કર્તા અને મેનેજર તરીકે તેમની પાસેથી ભરતભાઈ કાળાભાઈ પટેલે તેમની સ્વપાર્જીત જાતકમાણીની આવકના નાણામાંથી રકમો ચુકવી તા.૨૯/૦૫/૨૦૦૯ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે. સબ રજિસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૫૧૮૩ થી તેજ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી છે. મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાં ભરતભાઈ કાળાભાઈ પટેલ (૫૭૮ સ.ચો.મીટર જમીન)નુ નામ એન્ટ્રી નં.૬૯૭૭ થી તા.૦૮/૦૬/૨૦૦૯ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૨૧/૦૯/૨૦૦૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલી છે.

(૧૮)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલિક જશુભાઈ મરઘાભાઈ પટેલનુ તા. ૧૯/૦૮/૨૦૦૯ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ.જેથી મરહુમ જશુભાઈ મરઘાભાઈ પટેલના અવસાન સમયે તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે શારદાબેન તે જશુભાઈ મરઘાભાઈ પટેલની વિધવા ઓરત તથા હિનાબેન જશુભાઈ પટેલ તથા પુષ્પક જશુભાઈ પટેલ સિવાય વારસદારોમાં બીજા કોઈ જ પુત્રો, પત્ની કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ શારદાબેન તે જશુભાઈ મરઘાભાઈ પટેલની વિધવા ઓરત વિગેરેના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા દાખલ કરવા માટે મે. મામલતદારશ્રી, ઈ-ધરા કેન્દ્રની કચેરી રૂબરૂ અરજી,મરણનો દાખલો,પેઢીનામુ, સોગંદનામુ રજુ કરવાથી રેકર્ડમા એન્ટ્રી નં.૭૦૨૫ થી તા.૦૯/૧૦/૨૦૦૯ ના રોજ દાખલ કરી મજકુર એન્ટ્રી તા.૦૮/૦૧/૨૦૧૦ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૯)..ત્યારબાદ મે. મામલતદારશ્રી, ગાંધીનગરનાએ તા.૨૨/૧૦/૨૦૧૪ ના રોજ હુકમ નં.મામ/જમીન/વ.૬૬૯૩/૨૦૧૪ થી નીચે મુજબનો સુધારા હુકમ કરેલ છે.મજકુર સુધારા હુકમના આધારે સદર જમીનના રેકર્ડમાં ફેરફાર નોંધ નં.૭૦૨૫ મુજબ જશુભાઈ મરઘાભાઈ મૈયત થતાં વારસાઈ હક્કે શારદાબેન તથા હિનાબેન તથા પુષ્પકભાઈના નામો કબજેદાર તરીકે દાખલ થયેલ છે. પરંતુ તા.૩૧/૦૫/૨૦૧૪ ના રોજની ૭ અને ૧૨ ની નકલ જોતાં ઉક્ત વારસદારો પૈકી સંજયકુમાર કેશવલાલ તથા શાંતાબેન બાબુભાઈ તથા પ્રકાશ બાબુભાઈ તથા શારદાબેન તે જશુભાઈ મરઘાભાઈની વિધવા તથા ભરતભાઈ કાળાભાઈ પટેલ તથા હિનાબેન જશુભાઈ તથા પાયલબેન જશુભાઈના નામો ડબલ

For, BHOOMI DEVELOPERS

PARTNER

Scanned with CamScanner

વખત લખાયેલા હોઈ એક વખતનું નામ રહેવા દઈ બીજી વખતના નામ કમી કરવા હુકમ કરેલ છે. મજકુર હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટમાં કબજેદારના કોલમમાં એન્ટ્રી નં.૮૨૪૯ થી તા.૩૦/૧૦/૨૦૧૪ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૨૬/૧૨/૨૦૧૪ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા મંજુર કરવામાં આવેલી છે.

(૨૦)..ત્યારબાદ મજકુર સર્વે નં. ૨૮૭/૨ ની ૩૫૬૮ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીનને ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૧૩ (વાવોલ) મા આવરી લઈ ટી.પી.સ્કીમની રૂઈએ જરૂરી કપાત કરી ફા. પ્લોટ નં.૬૭ ની ૨૩૧૯ સ.ચો.મીટર જમીન મજકુર જમીન માલિકોને ફાળવી આપવાનુ નક્કી કરેલુ.

(૨૧)..ત્યારબાદ મજકુર સર્વે નં.૨૮૭/૨ ની ૩૫૬૮ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીનના ફા.પ્લોટ નં.૬૭ ની ૨૩૧૯ સ.ચો.મીટર જમીનમા બહુહેતુક ઉપયોગ કરવા માટેની બિનખેતીની પરવાનગી મેળવવા માટે ગાંધીનગરના મે. કલેક્ટર સાહેબની કચેરીમાં તા.૧૮/૧૦/૨૦૨૧ના રોજ ઓનલાઈન અરજી કરતાં ગાંધીનગરના મે. કલેક્ટર સાહેબે તેમના હુકમ ક્રમાંક નં.૨૫૦૯/૦૬/૦૩/ ૦૩૧/૨૦૨૧ થી તા.૨૦/૧૨/૨૦૨૧ના રોજ હુકમ કરી પરવાનગી આપેલી છે. મજકુર એન.એ.ના હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં એન્ટ્રી નં.૧૦૪૩૦ થી તા.૨૦/૧૨/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ છે.

(૨૨)..ત્યારબાદ મજકુર સર્વે નં.૨૮૭/૨ (ખાતા નં.૦૪) ની ૩૫૬૮ સ.ચો.મીટર જમીનના ફા. પ્લોટ પ્રમાણેની ૨૩૧૯ સ.ચો.મીટર જમીન બિનખેતી થયાથી સદર જમીન અંગે પ્રોપર્ટી કાર્ડ તૈયાર થયેલ હોઈ ગામ નમુના નં. ૭ અને ૧૨ નુ પાનિયુ બંધ કરવા નોંધ કરવામાં આવેલી છે. એ રીતે મજકુર સીમના સર્વે નં.૨૮૭/૨ (ખાતા નં.૦૪) ની ૩૫૬૮ સ.ચો.મીટર જમીનના ફા. પ્લોટ પ્રમાણેની ૨૩૧૯ સ.ચો.મીટર એન.એ.વાળી જમીન અંગે પ્રોપર્ટી કાર્ડ બનાવી ગાંધીનગરના સીટી સર્વે કચેરીના સીટી સર્વે વોર્ડ નંબર : વાવોલ(બીનખેતી) ના શીટ નં.NA99 તથા સીટી સર્વે નં.NA287/2/p૨ આપવામાં આવેલ છે. મજકુર હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૧૦૪૩૨ થી તા. ૨૦/૧૨/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ છે.

(૨૩)..ત્યારબાદ મજકુર સર્વે નં.૨૮૭/૨ ની જમીનને ટી.પી.સ્કીમ નં.૧૩ (વાવોલ) મા આવરી લઈ ફાળવવામા આવેલ ફા.પ્લોટ નં. ૬૭/૧ ની ૨૩૧૯ સ.ચો.મીટર બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીન જેને સીટી સર્વે વોર્ડ-ચાંદખેડા(બીનખેતી)ના શીટ નં.NA99 ના સીટી સર્વે નં.NA287/ 2/p૨ આપવામાં આવેલ છે તે જમીન તેના માલીકો વિનુભાઈ મરઘાભાઈ તથા કેશવલાલ મરઘાભાઈ તથા શાંતાબેન બાબુભાઈ તથા સંજયકુમાર કેશવલાલ પટેલ તથા પ્રકાશભાઈ બાબુભાઈ તથા ભરતકુમાર કાળાભાઈ પટેલ તથા શારદાબેન તે જશુભાઈ મરઘાભાઈની વિધવા તથા પાયલ બાબુભાઈ તથા હિનાબેન જશુભાઈ તથા પુષ્પક જશુભાઈ પાસેથી તમો "ભુમિ ડેવલોપર્સ" એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદારો શ્રી મહેશભાઈ દ્વારકાદાસ પટેલ તથા શ્રી મિલિન્દ વિનુભાઈ પટેલે તા. ૦૭/૦૫/૨૦૨૨ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમા અનુક્રમ નં.૧૮૬૯૦ થી તા.૦૭/૦૫/૨૦૨૨ ના રોજ નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના સરકારી રેકર્ડમાં યાને સીટી સર્વેના મિલ્કત કાર્ડના રેકર્ડમાં ધારણકર્તા તરીકે તમો "ભુમિ ડેવલોપર્સ (BHOOMI

For, BHOOMI DEVELOPERS

PARTNER

Scanned with CamScanner

G/425/1971



**DEVELOPERS)'' એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદારો મહેશભાઈ દ્વારકાદાસ પટેલ તથા મિલિન્દ વિનુભાઈ પટેલ**ના સંયુક્ત નામ એન્ટ્રી નં.૭૩ થી તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૩/૦૮/૨૦૨૨ ના રોજ શિરસ્તેદાર સાહેબ દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે.

(૨૪)..ત્યારબાદ મજકુર સર્વે નં.૨૮૭/૨ ની જમીનને ટી.પી.સ્કીમ નં.૧૩ (વાવોલ) મા આવરી લઈ ફાળવવામા આવેલ ફા.પ્લોટ નં. ૬૭/૧ ની ૨૩૧૯ સ.ચો.મીટર બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીનમા રહેણાંક તથા વાણિજ્ય હેતુ માટેનુ બાંધકામ કરવા માટેના પ્લાન તમો ,પેઢીએ તમારા ખર્ચે તૈયાર કરાવી મંજુર કરાવવા અર્થે ગાંધીનગર મ્યુની.કોર્પોરેશનની કચેરીમા મુકતા ગાંધીનગર મ્યુની.કોર્પોરેશનના મે.જુનીયર ટાઉન પ્લાનરે તેમના કેસ ક્રમાંક નં.પી.આર.એમ./**GMC**/૩૩૫/વાવોલ-૧૩/૦૬/૨૦૨૨/૧૭૦૦૬ થી તા.૦૫/૦૯/૨૦૨૨ ના રોજ પ્લાન મંજુર કરી વિકાસ માટેની પરવાનગી આપેલી છે. મજકુર મંજુર કરાવેલ પ્લાનને આધારે સદર જમીન ઉપર બ્લોક નં.''એ'' મા સેલર, ગ્રાઉન્ડ ફલોર ઉપર પાર્કીંગ તથા ૦૯ દુકાનો તથા ફસ્ટ ફલોરથી સેવન્થ ફલોર સુધી કુલે- ૨૮ ફલેટો તથા તેની ઉપર સ્ટેર કેબીન, મીટર રૂમ તથા ઓવરહેડ પાણીની ટાંકી તથા બ્લોક નં.''બી'' મા ગ્રાઉન્ડ ફલોર ઉપર પાર્કીંગ તથા ૦૨ ફલેટો તથા ફસ્ટ ફલોરથી સેવન્થ ફલોર સુધી કુલે- ૪૨ ફલેટો તથા તેની ઉપર સ્ટેર કેબીન, મીટર રૂમ , ઓવર હેડ પાણીની ટાંકી સહીતની દુકાનો તથા ફલેટો મળી કુલે- ૮૧ યુનિટો યાને એપાર્ટમેન્ટનુ મળી કુલે-૯૫૭૫.૧૬ સ.ચો.મીટરનું બાંધકામ કરવાનું નક્કી કરેલ છે.

ત્યારથી સીટી સર્વે વોર્ડ-વાવોલ(બીનખેતી) ના શીટ નં.NA99 ના સીટી સર્વે નં.NA287/2/p૨ ના ટી.પી.સ્કીમ નં.૧૩ ના ફા.પ્લોટ નં.૬૭ ના સત્તા પ્રકાર સી-C ની ૨૩૧૯ સ.ચો.મીટર બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીન તમો **''ભુમિ ડેવલોપર્સ (BHOOMI DEVELOPERS)''એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદારો મહેશભાઈ દ્વારકાદાસ પટેલ તથા મિલિન્દ વિનુભાઈ પટેલ**ની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની તથા કોઈપણ પ્રકારના બોજા રહીત હોવાનુ જણાઈ આવે છે તથા સદર જમીન અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ- ભાગ,હકક,હીસ્સો કે હિત સંબંધ રેકર્ડ જોતા જણાઈ આવેલ નથી એ રીતે સદર જમીનના રાઈટસ ટાઈટલ્સ કલીયરન્સ અને માર્કેટેબલ હોવાનુ રેકર્ડ જોતા અમો આથી અભિપ્રાય આપીએ છીએ.

આજ તા.૧૫ માહે સપ્ટેમ્બર સને- ૨૦૨૨ ના દીને શહેર અમદાવાદ મુકામે.

(શ્રી એન.કે.પટેલ એડવોકેટ)

For, BHOOMI DEVELOPERS

PARTNER

Scanned with CamScanner